## પેજ 3

## નોરા ફતેહી: "મેં કન્નડમાં ગીત શૂટ કર્યું ત્યારે અશ્લીલતા નહોતી



સરકે ચુનર ગીતના વીડિયોમાં સંજય દત્ત સાથે જોવા મળતી અભિનેત્રી નોરા ફતેહીએ આ વિવાદથી પોતાને અલગ કરી લીધી છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, તેણે ગીતના હિન્દી વર્ઝનની અશ્લીલતા વિશે અગાઉ જ નિર્માતાઓને ચેતવ્યા હતા. નોરાએ દાવો કર્યો કે ગીતના પોસ્ટરમાં તે સંજય દત્તના ખોળામાં બેઠી હોય તેવું જે દ્રશ્ય દેખાય છે, તે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા બનાવવામાં આવ્યું છે. તેણે વધુમાં ઉમેર્યું કે, મેં આ ગીત ત્રણ વર્ષ પહેલાં કન્નડ ભાષામાં શૂટ કર્યું હતું. ત્યારે મને જે અનુવાદ સમજાવવામાં આવ્યો હતો તેમાં કંઈ અશ્લીલ ન હતું. હિન્દી વર્ઝનના શબ્દો વિશે મને કોઈ જાણ કરવામાં આવી ન હતી અને મેં તેના પ્રમોશનથી પણ અંતર જાળવ્યું હતું.

## 'ધુરંધર ૨'ના પેઇડ પ્રીવ્યુમાં ભારે ધાંધિયા

**મુંબઈ-દિલ્હીમાં** શો મોડા પડ્યા, તમિલ-તેલુગુ શો રદ થતા પ્રેક્ષકો રોષે ભરાયા



રણવીર સિંહ સ્ટારર વર્ષ ૨૦૨૬ની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવન્જ' (Dhurandhar 2)ના પેઇડ પ્રીવ્યુમાં આજે મુંબઈ અને દિલ્હી સહિતના શહેરોમાં ભારે અંધાધૂંધી જોવા મળી હતી. ટેકનિકલ ખામી અને કન્ટેન્ટ ડિલિવરીમાં વિલંબને કારણે અનેક સિનેમાઘરોમાં શો રદ કરવા પડ્યા છે અથવા મોડા શરૂ થયા છે. મુંબઈ અને દિલ્હી-NCR ના અનેક મલ્ટિપ્લેક્સમાં ૫ વાગ્યાના શો ૩૦ થી ૪૫ મિનિટ મોડા પડ્યા હતા, જેના કારણે પ્રેક્ષકોમાં ભારે અસમંજસની સ્થિતિ સર્જાઈ હતી. સૌથી વધુ અસર તમિલ અને તેલુગુ વર્ઝન પર પડી છે. કન્ટેન્ટ પ્રિન્ટ સમયસર ન પહોંચવાને કારણે દક્ષિણ ભારતમાં પેઇડ પ્રીવ્યુના શો સંપૂર્ણપણે રદ કરી દેવામાં આવ્યા છે. મલ્ટિપ્લેક્સ ચેઈન્સ અને થિયેટર માલિકોએ સોશિયલ મીડિયા પર માફી માંગી છે અને અસરગ્રસ્ત તમામ દર્શકોને ટિકિટના પૈસા પરત કરવાની ખાતરી આપી છે.

## ફિનલેન્ડના રાષ્ટ્રપતિ પણ 'ધુરંધર'ના ફેન




રણવીર સિંહ સ્ટારર ફિલ્મ 'ધુરંધર'નો ક્રેઝ હવે સાત સમંદર પાર વિદેશી નેતાઓમાં પણ જોવા મળી રહ્યો છે. ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર સ્ટબ અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચે લંડનના હાઈડ પાર્કમાં જોગિંગ દરમિયાન થયેલી વાતચીતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થયો છે. કેનેડાના PM માર્ક કાર્નીએ જ્યારે સ્ટબને ભારતની મુલાકાત અને ત્યાંની તેમની લોકપ્રિયતા વિશે પૂછ્યું, ત્યારે સ્ટબે હસતા હસતા જવાબ આપ્યો કે, "મેં જ્યારે એમ કહ્યું કે મેં 'ધુરંધર' ફિલ્મ જોઈ છે, ત્યારે ભારતમાં મારું ઈન્સ્ટાગ્રામ પેજ હિટ થઈ ગયું! મને અંદાજો નહોતો કે આટલો મોટો પ્રતિસાદ મળશે." એલેક્ઝાન્ડર સ્ટબે અગાઉ જણાવ્યું હતું કે ભારત આવતા પહેલા તેમના પુત્રએ તેમને 'ધુરંધર' જોવાની સલાહ આપી હતી. તેઓ હવે ૧૯ માર્ચે રિલીઝ થનારી સિક્વલ (ધુરંધર ૨) જોવા માટે પણ ઉત્સાહિત છે.

## પ્રભુ દેવાએ મુંબઈના મહાલક્ષ્મી વિસ્તારમાં બે લક્ઝરી ફ્લેટ 14.8 કરોડમાં વેચ્યા



ભારતીય સિનેમાના જાણીતા ડાન્સર અને ડાયરેક્ટર પ્રભુ દેવાએ દક્ષિણ મુંબઈના પોશ ગણાતા મહાલક્ષ્મી વિસ્તારમાં આવેલા પોતાના બે આલીશાન એપાર્ટમેન્ટ્સ વેચી દીધા છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો મુજબ, આ સોદો અંદાજે 14.80 કરોડમાં થયો છે. આ ફ્લેટ્સ મુંબઈની સૌથી ઊંચી રહેણાંક ઇમારતોમાંની એક એવી 'મિનરવા' (Minerva) બિલ્ડિંગના ૩૨મા અને ૩૩મા માળે આવેલા છે. બંને ફ્લેટ ૧,૨૯૫ સ્ક્વેર ફૂટના છે, જે કુલ મળીને ૨,૫૯૦ સ્ક્વેર ફૂટનો વિસ્તાર ધરાવે છે. આ સાથે ૪ પાર્કિંગ સ્પેસ પણ વેચવામાં આવી છે.

## ઈદ નિમિત્તે પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદે 5 દિવસ 'શાંતિ'

ઈસ્લામાબાદ, તા. ૧૮ (PTI): પાકિસ્તાન અને અફઘાનિસ્તાને બુધવારે ઈદ-ઉલ-ફિત્રને ધ્યાનમાં રાખીને અને સાઉદી અરેબિયા, તુર્કી તથા કતારની વિનંતી પર લડાઈમાં 'કામચલાઉ વિરામ'ની જાહેરાત કરી છે. અફઘાન સરકારે ઈસ્લામાબાદ પર કાબુલની એક પુનર્વસન હોસ્પિટલ પરના હુમલામાં 400 લોકોની હત્યા કરવાનો આરોપ મૂક્યાના એક દિવસ બાદ આ જાહેરાત કરવામાં આવી છે.

મંત્રી અતાઉલ્લાહ તરારે જણાવ્યું હતું કે, "આગામી ઈસ્લામિક તહેવાર ઈદ-ઉલ-ફિત્રને ધ્યાનમાં રાખીને પોતાની પહેલ તેમજ સાઉદી અરેબિયા, કતાર અને તુર્કી જેવા ભાઈ સમાન ઈસ્લામિક દેશોની વિનંતી પર પાકિસ્તાને ચાલી રહેલા 'ઓપરેશન ગઝબ-લિલ-હક' વચ્ચે કામચલાઉ વિરામની જાહેરાત કરવાનો નિર્ણય લીધો છે." તરારે જણાવ્યું હતું કે, ''આ વિરામ 18/19 માર્ચની મધ્યરાત્રિથી 23/24 માર્ચની મધ્યરાત્રિ સુધી લાગુ રહેશે.


### -:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ અબ્રામા ના મોજે ગામ વાલક ના જુનો બ્લોક નં. ૪૧, પ્રમોલીગેશન થતા નવો બ્લોક નં. ૨૯, ખાતા નં. ૫૫૬, કે જેનુ કુલ હે.આરે.ચો.મી. ૦-૨૩-૯૬, આકાર રૂા.૩-૧૪ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન સ્વતંત્ર, માલિક, મુખત્યાર, કબજેદાર અને ભોગવટેદાર તરીકે ઐયુબ રસુલ મહીડા ચાલી આવેલા છે, અને સદર જમીન અમારા અસીલે ખરીદ કરેલ હોય, સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, લાગ-ભાગ, મંડળીઓ/બેંકોનો બોજો કે લ્હેણું વિગેરે હોય તો તેણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ (સાત) માં હમોને લેખિત પુરાવાઓ સહિત વાંધાઓ આપી જવા. જો નિયત મુદતમાં પુરાવાઓ સહિત વાંધાઓ ન આવશે તો, સદરહુ ઉપરોકત ખેતીની જમીનો માં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, લાગ-ભાગ, મંડળીઓ/ બેંકોનો બોજો કે લ્હેણું નથી અને હોય તો તે તમામે તમામ જતા કર્યા છે યાને વેવ કર્યા છે એમ સમજી સદરહુ ઉપરોકત જમીનો નો પાકો રજિ. વેચાણ દસ્તાવેજ/લખાણો વિગેરે તમામે તમામ વ્યવહારો અમારા અસીલ પૂર્ણ કરી/કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે દર-દાવો કે વાંધો-વિરોધ ચાલશે નહિ, તેની જાહેરે નોંધ લેવી. તા.૧૯.૩.૨૦૨૬

૨૦૭, રાજહંસ શોપીંગ સેન્ટર, બરોડ પ્રિસ્ટેજ, વરાછા રોડ, સુરત. મો.૮૨૬૪૪ ૯૭૨૮૨

**આકાશ આર. માંગરોળીયા**
તે ખરીદનારના એડવોકેટ

### ગુમ/ગેરવલ્લે થયેલ અસલ દસ્તાવેજ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, શહેર સુરતના મોજે અડાજણ ગામતળ વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયત ઘર નં. ૯૨, જેનો સીટી સર્વે ટીકા નં.૮, ચાલતા નં.૫૧૮, ૫૧૯, ૫૨૦, ૫૨૧ તથા ૫૨૨ જેનું કુલ્લે ક્ષેત્રફળ ૧૯૭.૦૩ સ.ચો.મી. છે તેમાં બાંધવામાં આવેલ તાપી કોમ્પ્લેક્ષ નામથી ઓળખાતા એપાર્ટમેન્ટના ભોંયતળીયે આવેલ દુકાન નં. ૯ વાળી સુમારે ૧૩.૭૪ સ.ચો.મી. કાર્પેટ ક્ષેત્રફળવાળી મીલકતના હાલના માલીક તરીકે ભાસ્કરભાઈ સોમનાથ દુદકીયા ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અન્વયે ચાલી આવેલા. અને હાલમાં સદરહુ મીલકત તેઓની સંપુર્ણ અને પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટાવાળી જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. પરંતુ, તેઓના જણાવ્યા મુજબ મજકુર મીલકતના અસલ દસ્તાવેજો પૈકી અગ્રહકકધારી નિલેશભાઈ રમણીકલાલ મહેતાના લાભમાં મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર (અઠવા) ની કચેરીમાં અનુ.નં.૯૦૨૮ તા.૨૯/૭/૨૦૦૫ (જેનો નવો નં.૧૭૭૩૦/૨૦૧૧) ના રોજ કરી આપેલ અસલ વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન ફી ભર્યાની પહોંચ અસલ ઘણી શોધખોળ કરવા હોવા છતાં તે મળી આવતા નથી યાને ગુમ તથા ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ છે. આથી તેવા ગુમ/ગેરવલ્લે થયેલ અસલ દસ્તાવેજો અન્વયે સદરહુ મીલકત અંગે કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સા કે દરદાવા કે કોઈપણ નાણાંકિય સંસ્થાની લોન, ચાર્જ, બોજો કે વેચાણ રાખવાના સાટાખતના હકકો વિગેરે ચાલી આવેલા હોય તો તેઓએ દિન-૭ માં દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં અમોને જાણ કરવી. અન્યથા મુદત વિત્યે કોઈના હકક, હિત, હિસ્સા નથી અને હોય તો તે જતા કરેલ હોય એમ સમજી મજકુર મીલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મજકુર ભાસ્કરભાઈ સોમનાથ દુદકીયા પાસેથી મારા અસીલ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલની સૂચના તથા ફરમાઈશ અન્વયે

**દેવાંગ વી. ઘાસવાલા**
તે ખરીદનારના
એડવોકેટ એન્ડ નોટરી

ઠે. ૨૯, ગ્રીન વેલી, ગંગેશ્વર મહાદેવ મંદિરની પાછળ, અડાજણ, સુરત મો.નં. ૯૩૭૪૫ ૧૪૬૨૬


### સોશિયલ મીડિયા રીલ માટે હદ વટાવી

## બસના ભાડા વધારાના વિરોધમાં વૃદ્ધને 'પાર્સલ' કરવાનો પ્રયાસ




**બેંગલુરુમાં** પરિવારે વૃદ્ધને કોથળામાં પૂરી કુરિયર ઓફિસે પહોંચાડ્યા; ગૂંગળામણ થતા જીવ જોખમમાં મુકાયો

બેંગ્લુરૂ, તા. 18 (પીટીઆઈ): ઉગાડી અને ઈદ-ઉલ-ફિતરના તહેવારો પહેલા બસના ઊંચા ભાડાના વિરોધમાં એક પરિવારે વૃદ્ધ વ્યક્તિને 'પાર્સલ' કરીને કુરિયર સર્વિસ દ્વારા મોકલવાનો ચોંકાવનારો પ્રયાસ કર્યો હતો. બેંગલુરુના વ્યાલિકાવલ વિસ્તારમાં મંગળવારે સાંજે બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ પોલીસે આ મામલે કડક વલણ અપનાવ્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, એક જ પરિવારના પાંચ સભ્યો એક ખાનગી કુરિયર સેન્ટર પર પહોંચ્યા હતા અને દાવો કર્યો હતો કે તેઓ ખાનગી અને સરકારી બસોમાં વધતા ભાડા અંગે જનતાને પ્રતીકાત્મક સંદેશ આપવા માટે આ વૃદ્ધને પાર્સલ કરવા માંગે છે. આ અજીબ વિનંતીથી ચોંકી ઉઠેલા કુરિયર સ્ટાફે તરત જ પોલીસને જાણ કરી હતી. તપાસ દરમિયાન વૃદ્ધની પુત્રીએ કબૂલાત કરી હતી કે આ કૃત્ય માત્ર વિરોધ પ્રદર્શન અને સોશિયલ મીડિયા રીલ બનાવવા માટે કરવામાં આવ્યું હતું.

સ્ટંટના ભાગરૂપે પરિવારે વૃદ્ધને કંતાનના કોથળામાં બેસાડ્યા હતા, પરંતુ ગૂંગળામણને કારણે વૃદ્ધને શ્વાસ લેવામાં તકલીફ પડતા સ્થિતિ ગંભીર બની ગઈ હતી.

## ઉત્તર ભારતમાં કુદરતનો પ્રકોપ: કાશ્મીર-હિમાચલમાં હિમવર્ષા



**દિલ્હીમાં** ધૂળની ડમરીઓ સાથે વરસાદ

**આગામી** 2 દિવસ પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં કરા સાથે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): ઉત્તર ભારતના રાજ્યોમાં બુધવારે ભારે વરસાદ અને જોરદાર પવન ફૂંકાયો હતો, જ્યારે હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના કેટલાક ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી. દિલ્હીમાં પણ સાંજના સમયે ધૂળની ડમરીઓ, ગાજવીજ અને વરસાદ સાથે તોફાની વાતાવરણ જોવા મળ્યું હતું.

કાશ્મીરના સોનમર્ગ અને શોપિયાંમાં તાજી હિમવર્ષા થઈ છે, જ્યારે શ્રીનગર સહિતના મેદાની વિસ્તારોમાં વરસાદ ચાલુ રહ્યો હતો. હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પીતિમાં ગોંડલા ખાતે 4 સે.મી. અને કીલોંગમાં 3 સે.મી. બરફ પડ્યો હતો. મનાલીમાં 14 એમએમ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે હિમાચલ પ્રદેશ માટે ઓરેન્જ ચેતવણી જારી કરી આગામી બે દિવસ ભારે હિમવર્ષા અને વાવાઝોડાની આગાહી કરી છે.

## ચીન જઈ રહેલા રશિયાના 7 ઓઈલ ટેન્કર્સ ભારત તરફ વળ્યા

નવી દિલ્હી, તા. 18: મધ્ય-પૂર્વમાં ઈરાન સાથેના યુદ્ધના કારણે વૈશ્વિક તેલ પુરવઠામાં સર્જાયેલા અવરોધ વચ્ચે ભારત માટે મોટા રાહતના સમાચાર આવ્યા છે. ચીન તરફ જઈ રહેલા રશિયાના ઓછામાં ઓછા સાત ઓઈલ ટેન્કર્સે અધવચ્ચેથી પોતાનો માર્ગ બદલીને (યુ ટર્ન) ભારત તરફ પ્રયાણ કર્યું છે.

આ ઘટનાક્રમ ભારતને અમેરિકા તરફથી મળેલી વિશેષ છૂટછાટ બાદ જોવા મળ્યો છે.


**Federal Bank**

ફેડરલ બેંક લિમીટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫, ઈમેલ : ahdlcrd@federalbank.co.in

**માનનીય પ્રિન્સીપલ સિનિયર સિવીલ જંજ અને એડીશનલ ચીફ જુડીશીયલ મેજીસ્ટ્રેટ, ઓલપાડ, જીલ્લો - સુરત, તા. ૦૭/૦૧/૨૦૨૬ ના રોજ ઓર્ડર નં. CRMA ૭૨૩/૨૦૨૫ મુજબ પ્રત્યક્ષ કબજો**

આથી, **ફેડરલ બેંક લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ત્યાર બાદ એકટ તરીકે ઓળખવામાં આવેલ) તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ (ત્યાર બાદ એકટ તરીકે ઓળખવામાં આવેલ) તથા નિયમ ૩ અંતર્ગત તા. **૨૯/૦૧/૨૦૨૫** ના રોજ ઉધારકર્તાઓ / સહ-અરજદારો / કાયદેસરના વારસદારો : **(૧). શ્રી રમેશભાઈ ઓધાભાઈ વાઘાણી S/o શ્રી ઓધાભાઈ વાઘાણી**, ૧૦, શ્રીજી પાર્ક સોસાયટી, રાશી સર્કલ, કતારગામ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૪, **(૨). શ્રીમતી વાઘાણી સુમિતાબેન રમેશભાઈ W/o શ્રી રમેશભાઈ ઓધાભાઈ વાઘાણી**, ૧૦, શ્રીજી પાર્ક સોસાયટી, રાશી સર્કલ, કતારગામ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૪, નીચે મુજબ નોટીસમાં દર્શાવેલ રકમ, જે બેંકની **મોટા બોરસરા શાખા** માં જાળવવામાં આવેલા ખાતાઓમાં તમારી પાસેથી સંયુકત રીતે અને અલગ અલગ રીતે બાકી છે, તે નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર નીચે જણાવેલ રકમ ચુકવવા જણાવેલ હતું.

| લોન એકાઉન્ટ | બાકી લ્હેણી રકમ |
|---|---|
| ફેડરલ હાઉસીંગ (FHS) લોન 21947300000277 | રૂા. ૨૬,૭૫,૪૧૯/- (રૂા. છવ્વીસ લાખ પંચોતેર હજાર ચારસો ઓગણીસ પુરા) તા. ૨૯.૦૧.૨૦૨૫ ના સુધી |

ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૮ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૧૫.૦૩.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે. "સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." (મુકરર મિલકતો). ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકતો અંગે કરેલો કોઈપણ વ્યવહાર **ફેડરલ બેંક લિમિટેડ** ની બાકી રકમ **રૂા. ૩૦,૧૭,૧૬૯/- (રૂા. ત્રીસ લાખ સત્તર હજાર એકસો ઓગણસિત્તેર પુરા)** તા. ૧૫.૦૩.૨૦૨૬ ના સુધી નીચે જણાવ્યા મુજબ બોજાને આધિન રહેશે.

| ડીઆરટી-૨, અમદાવાદ સમક્ષ ૨૦૨૩ ના ઓ.એ. નં. ૩૫૪ માં દાખલ કરાયેલા દાવા મુજબ લેણાંની ગણતરી કરવામાં આવી છે. | |
|---|---|
| લોન એકાઉન્ટ | બાકી લ્હેણી રકમ |
| ફેડરલ હાઉસીંગ (FHS) લોન 21947300000277 | ૩૦,૧૭,૧૬૯/- (રૂા. ત્રીસ લાખ સત્તર હજાર એકસો ઓગણસિત્તેર પુરા) તા. ૧૫.૦૩.૨૦૨૬ ના સુધી |

**સ્થાવર મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સા સાથેનો ફલેટ નં. ૩૦૩, ત્રીજો માળ, બિલ્ડીંગ નં. એ-૧, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૯૯૦.૦૦ સ્કે.ફીટ. અને બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૫૭૫.૦૦ સ્કે. ફીટ., અવિભાજીત હકક સાથેની સાથેની જમીન, ચિરાગ રેસીડેન્સી થી જાણીતું હાઉસીંગ સોસાયટી, જે સ્થિત પ્લોટ નં. ૧ થી ૪૬, રેવન્યુ બ્લોક નં. ૭૯૫ પૈકી, ક્ષેત્રફળ ૮૭૭૯.૦૦ સ્કે.મી., ગામ - કુડસડ, તાલુકો - ઓલપાડ, જીલ્લો - સુરત. **ચતુઃસીમા : પૂર્વે** : ફલેટ નં. ૩૦૨, **પશ્ચિમે** : માર્જીનની ખુલ્લી જમીન, **ઉત્તરે** : ખુલ્લુ આકાશ, **દક્ષિણે** : ફલેટ નં. ૩૦૧.

તારીખ : ૧૫.૦૩.૨૦૨૬
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી,
ફેડકલ બેંક લિમિટેડ




અલાસ્કાની પ્રખ્યાત શ્વાનગાડી સ્પર્ધા: અલાસ્કાના નોમ ખાતે જેસી હોમ્સ ૧,૦૦૦ માઈલ લાંબી અત્યંત કઠિન 'આઈડિટારોડ ટ્રેલ સ્લેડ ડોગ રેસ' જીત્યા બાદ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી રહ્યા છે. બરફીલા રસ્તાઓ પર રમાતી આ વિશ્વની સૌથી પડકારજનક સ્પર્ધાઓમાંની એક માનવામાં આવે છે.

### અમેરિકાની 'પ્રોજેક્ટ હોમકમિંગ' યોજના

## ગેરકાયદે વસાહતીને વતન પરત ફરવા રૂ, 2.15 લાખનું બોનસ અને મફત ટિકિટ

**અમેરિકામાં** ગેરકાયદે રહેવાસીઓ સ્વૈચ્છિક રીતે વતન પરત ફરે તો મળશે 2600 ડોલરનું બોનસ

**તાજમહેલના** પોસ્ટર સાથે અમેરિકી સરકારે ઓફરની જાહેરાત કરી, મફત ટીકીટ અપાશે, અટકાયત પણ નહીં કરાય

વોશિંગ્ટન, તા. 18 (પીટીઆઈ): અમેરિકામાં ગેરકાયદેસર રીતે વસતા ભારતીયો સહિતના સ્થળાંતરિતો માટે ટ્રમ્પ પ્રશાસને એક મહત્વની યોજના જાહેર કરી છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ)એ 'પ્રોજેક્ટ હોમકમિંગ' હેઠળ સ્વૈચ્છિક દેશનિકાલ માટે પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ,




જે ગેરકાયદેસર રહેવાસીઓ પોતાની મરજીથી વતન પરત ફરવા માગતા હોય, તેમને અમેરિકા સરકાર દ્વારા મફત હવાઈ ટિકિટ અને 2600 ડોલર (આશરે 2.15 લાખ રૂપિયા)નું એક્ઝિટ બોનસ આપવામાં આવશે.

અમેરિકી સરકારે ભારતીય ગેરકાયદેસર સ્થળાંતરિતોને આકર્ષવા માટે ખાસ તાજમહેલના ફોટાવાળા પોસ્ટર્સ જારી કર્યા છે. આ પોસ્ટર્સ દ્વારા તેઓને 'સીબીપી હોમ' એપ વાપરી, મફત ટિકિટ અને બોનસ સાથે સન્માનપૂર્વક વતન પરત ફરવા પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.

તાજમહેલ ઉપરાંત ચીન તથા કોલંબિયાના પ્રખ્યાત સ્મારકોના ફોટાવાળા પોસ્ટર્સ પણ જારી કર્યા છે. ગેરકાયદેસર રહેવાસીઓ 'સીબીપી હોમ' મોબાઈલ એપ દ્વારા આ પ્રક્રિયા શરૂ કરી શકે છે. એપ પર નોંધણી કરાવ્યા બાદ, તેઓ ધરપકડ કે અટકાયતના ડર વગર, એક સામાન્ય મુસાફરની જેમ સન્માનજનક રીતે પોતાના દેશમાં પરત ફરી શકશે. વળી, તેમને જૂના કોઈ દંડની રકમ પણ ચૂકવવી પડશે નહીં.

સરકારી આંકડા મુજબ, જાન્યુઆરી 2025થી અત્યાર સુધીમાં 22 લાખથી વધુ લોકોએ આ યોજનાનો લાભ લીધો છે. સરકાર માટે આ યોજના આર્થિક રીતે પણ ફાયદાકારક છે, કારણ કે એક વ્યક્તિને બળજબરીથી દેશનિકાલ કરવાનો ખર્ચ 18245 ડોલર થાય છે, જ્યારે આ રીતે પ્રોત્સાહન આપીને પરત મોકલવાનો ખર્ચ માત્ર 5100 ડોલર જ થાય છે. આનાથી અમેરિકન કરદાતાઓના અબજો ડોલર બચી રહ્યા છે અને સ્થળાંતરિતોને પણ પોતાની રીતે નોકરી કે અભ્યાસ સમેટીને વતન જવાની તક મળી રહી છે.






## નેપાળમાં મૃતદેહ લઈ જતું હેલિકોપ્ટર ક્રેશ

**તમામ** ૭ લોકોનો આબાદ બચાવ



કાઠમંડુ, તા. 18 નેપાળના પૂર્વીય ખોટાંગ જિલ્લામાં બુધવારે એક મોટી હેલિકોપ્ટર દુર્ઘટના સર્જાઈ હતી. એર ડાયનેસ્ટીનું એક હેલિકોપ્ટર લેન્ડિંગ દરમિયાન સંતુલન ગુમાવવાને કારણે ખેતરમાં તૂટી પડ્યું હતું. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી અને પાયલોટ સબિન થાપા સહિત વિમાનમાં સવાર તમામ ૭ લોકોનો આબાદ બચાવ થયો છે. મુખ્ય જિલ્લા અધિકારી રેખા કંદેલના જણાવ્યા અનુસાર, આ હેલિકોપ્ટર કાઠમંડુથી એક મૃતદેહ લઈને ખોટાંગના બાલબેસી વિસ્તારમાં આવ્યું હતું. ખેતરમાં ઉતરાણ કરતી વખતે અચાનક સંતુલન ખોરવાતા હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. હેલિકોપ્ટરમાં સવાર ૬ લોકો પૈકી ૭૪ વર્ષીય મુસાફર કાજી બહાદુર રાયને પગ અને આંખના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે, જ્યારે અન્ય પાંચ લોકોને નજીવી ઈજાઓ થઈ છે.

## પાકિસ્તાનને સસ્તું તેલ આપવા રશિયા તૈયાર

ઈસ્લામાબાદ, તા. 18: ઈસ્લામાબાદ પાકિસ્તાનમાં રશિયાના રાજદૂત આલ્બર્ટ ખોરેવે જણાવ્યું છે કે, રશિયા પાકિસ્તાનને સસ્તું તેલ આપવા માટે તૈયાર છે. પરંતુ હજી સુધી પાકિસ્તાન તરફથી આ બાબતે કોઈ સત્તાવાર માંગ કરવામાં આવી નથી. ખોરેવે કહ્યું કે જો પાકિસ્તાન પોતે પહેલ કરે છે, તો રશિયા તેને ઓછી કિંમતે તેલ સપ્લાય કરી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, રશિયન ક્રૂડ ઓઈલની કિંમત લગભગ 70થી 76 ડોલર પ્રતિ બેરલ છે, જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં આ કિંમત 95 થી 105 ડોલર પ્રતિ બેરલની વચ્ચે છે.

બીજી તરફ, પાકિસ્તાનના પેટ્રોલિયમ સચિવે સંસદની એક સમિતિને જણાવ્યું કે, દેશ પાસે હાલમાં માત્ર 11 દિવસનો ક્રૂડ ઓઈલ બચ્યું છે. ત્યાં પેટ્રોલ 321 પીકેઆર (પાકિસ્તાની રૂપિયા) અને ડીઝલ 335 પીકેઆર પ્રતિ લીટર મળી રહ્યું છે.